વિકલાંગ વ્યક્તિ (સમાન હક્ક, રક્ષણ અને સંપૂર્ણ સહયોગ) અધિનિયમ ૧૯૯૫ હેઠળ નિયામક, ન્યાય સહાયક વિજ્ઞાન કચેરી હેઠળની જુદા જુદા સંવર્ગની જગ્યાઓમાં વિકલાંગ વ્યક્તિઓ માટે સરકારી નોકરીમાં અનામતની જોગવાઇ બાબત.

ગુજરાત સરકાર

ગૃહ વિભાગ

ઠરાવ ક્રમાંક:ફસલ-૧૦૨૦૦૭-૭૦૮-અ

સચિવાલય,ગાંધીનગર

તારીખ: 6 SEP 2013

વંચાણમાં લીધા:

(૧) ભારત સરકારના તા.૩૧/૫/૨૦૦૧ ના નોટીફીકેશન ક્રમાંક:૧૬-૨૫-૯૯-એએનઆઇ-૧.

(૨) ગૃહ વિભાગનો તા.૨૯/૭/૨૦૦૮ નો સરખા ક્રમાંકનો ઠરાવ

(૩) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગની તા.૧૩/૧/૨૦૧૩ ના ઠરાવ ક્રમાંક: અપગ/૧૦૯૯/૪૩૦/છ.૧

(૪) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગની તા.૧/૧/૨૦૧૩ના રોજ મળેલ તજજ્ઞ સમિતિની કાર્યવાહી નોંધ.

**ઠરાવ:**

ભારત સરકાર દ્વારા સંદર્ભ-(૧) હેઠળનો વિકલાંગ વ્યક્તિ (સમાન હક્ક, રક્ષણ અને સંપૂર્ણ સહયોગ) ધારો,૧૯૯૫ ની જોગવાઇ અનુસાર સરકારી સેવાઓમાં ૩% જગ્યાઓ અનામત રાખવાની જોગવાઇ છે. અને આ જગ્યાઓ પર નિમણૂંક માટે કેવા પ્રકારની વિકલાંગતા ધરાવતા ઉમેદવારો ચાલી શકે તે સુનિશ્ચિત કરવા સંદર્ભ-૩ માં દર્શાવેલ ઠરાવથી અગ્રસચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના અધ્યક્ષપણા હેઠળ એક પેટા તજજ્ઞ સમિતિની રચના કરવામાં આવેલ.

આ સમિતિની તા.૧/૧/૨૦૧૩ ના રોજ મળેલ બેઠકમાં નિયામક, ન્યાય સહાયક વિજ્ઞાનની કચેરી, ગાંધીનગર હેઠળની વર્ગ-૧, વર્ગ-૨ અને વર્ગ-૩ સંવર્ગની જગ્યાઓમાં વિકલાંગ વ્યક્તિઓ માટે વિકલાંગતા નક્કી કરવા/મુક્તિ મેળવવા અંગેની દરખાસ્ત રજુ કરી હતી. જે અંગે સમિતિ દ્વારા વિચારણા કરીને નિયામક, ન્યાય સહાયક વિજ્ઞાનની કચેરી, ગાંધીનગર હેઠળની સંબંધિત જગ્યાઓ સામે દર્શાવ્યા મુજબ વિકલાંગતાનો પ્રકાર દર્શાવીને તેવા ઉમેદવારોને નિમણૂંક આપવા વિચારણા કરવા સમિતિ દ્વારા કરેલ ભલામણ અન્વયે નીચે પત્રક-અ મુજબ વિચારણા/નિર્ણય કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

**પત્રક-અ**

| | |
|---|---|
| (૧) નિયામક, વર્ગ-૧<br>(૨) નાયબ નિયામક, વર્ગ-૧<br>(૩) મદદનીશ નિયામક, વર્ગ-૧ | આ જગ્યાઓ પર OA, OL, BL, HH અને LV કેટેગરીમાં ૪૦ થી ૬૦ ટકા વિઝનની ક્ષતિ ધરાવતા ઉમેદવારોને નિમણૂંક માટે યોગ્ય ગણવામાં આવેલ છે. |
| (૪) સાયન્ટીફીક ઓફીસર, વર્ગ-૨<br>(૫)સાયન્ટીફીક આસીસ્ટન્ટ,વર્ગ-૩ | આ જગ્યાઓ પર OL અને BLની ખામી ધરાવતાં વિકલાંગ વ્યક્તિની હલન-ચલનની ટેસ્ટ લઇને યોગ્ય ઠરેતો તેઓને નિમણૂંક આપવા અંગે સમિતિએ જણાવ્યું કે ફિઝીકલ ટેસ્ટ માટે કમિશ્નરશ્રી, આરોગ્ય અને તબીબી શિક્ષણની કચેરી દ્વારા ધોરણો નક્કી કરવામાં આવશે. |
| (૬) ફોટોગ્રાફર. વર્ગ-૩ | આ જગ્યાએ વિકલાંગ વ્યક્તિને નિમણૂંક આપવામાંથી મુક્તિ આપવાની દરખાસ્ત સમિતિએ સ્વીકારેલ છે. |
| (૭)લેબોરેટરી ટેકનીશીયન,વર્ગ-૩ | OL અને BLની ખામી ધરાવતાં વિકલાંગ વ્યક્તિની હલન-ચલનની |

| | |
|---|---|
| | ટેસ્ટ લઇને નિમણૂંક માટે યોગ્ય ગણેલ છે. |
| (૮) રેફ્રીજરેટર મીકેનીક,વર્ગ-૩<br>(૯) ઇન્સ્ટ્રુમેન્ટ મીકેનીક, વર્ગ-૩ | BL, OLની ખામી ધરાવતાં વિકલાંગ વ્યક્તિની હલન-ચલનની ટેસ્ટ લઇને નિમણૂંક માટે યોગ્ય ગણેલ છે. |
| (૧૦) આર્મરર, વર્ગ-૩ | આ જગ્યાએ વિકલાંગ વ્યક્તિને નિમણૂંક આપવામાંથી મુક્તિ આપવાની દરખાસ્ત સમિતિએ સ્વીકારેલ છે. |

તદઉપરાંત નિયામક, ન્યાય સહાયક વિજ્ઞાનની કચેરી, ગાંધીનગર હેઠળની ઉપર પત્રક-અ માં જણાવ્યા સિવાયની અન્ય સંવર્ગની સંબંધિત જગ્યાઓ સામે દર્શાવ્યા મુજબ વિકલાંગ વ્યક્તિઓ માટે ભારત સરકારની ગાઇડ લાઇન મુજબ વિકલાંગતાનો પ્રકાર દર્શાવીને તેવા ઉમેદવારોને નિમણૂંક આપવા અંગે અનામત રાખવાપાત્ર જગ્યાઓ નીચે પત્રક-બ મુજબ છે.

## પત્રક–બ

| ક્રમ | સંવર્ગનું નામ | વર્ગ | જગ્યા માટે શારીરિક ક્ષમતા ભારત સરકારના નોટીફીકેશન મુજબ | જગ્યા માટે અનુકૂળ અપંગતા ધરાવતી વ્યક્તિનો પ્રકાર ભારત સરકારના નોટીફીકેશન મુજબ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | કચેરી અધિક્ષક | ૨ | **S.ST.W.RW.H.C** | **OA.OL.BL.OAL.B.LV.HH** |
| ૨ | મદદનીશ હસ્તાક્ષર નિષ્ણાંત | ૩ | **S.L.MF.SE.RW.C** | **OA.OL.BL.OAL.HH** |
| ૩ | ગ્રંથપાલ | ૩ | **S.BN.MF.SE.RW.C** | **OA.OL.OAL.BL.HH** |
| ૪ | સ્ટોર કીપર | ૩ | **S.ST.W.L.PP.MF.SE.RW** | **OL.HH** |
| ૫ | લેબોરેટરી આસીસ્ટન્ટ | ૩ | **S.ST.W.BN.MF.SE.C.H** | **OA.OL.BL.HH** |
| ૬ | સીનીયર કારકુન | ૩ | **S.ST.W.RW.H.C** | **OA.OL.BL.OAL.B.LV.HH** |
| ૭ | સર્ચર (ફીંગરપ્રિન્ટ ) | ૩ | **S.ST.W.BN.L.MF.SE.RW** | **OA.OL.BL.OAL.HH** |
| ૮ | જુનીયર કારકુન | ૩ | **S.ST.W.MF.SE.RW.H** | **OA.OL.OAL.BL.B.LV.HH** |
| ૯ | કલાર્ક કમ ટાઈપીસ્ટ | ૩ | **S.ST.W.L.MF.SE.RW.H.C** | **OA.OL.BL.OAL.B.LV** |
| ૧૦ | ગ્રંથાલય કારકુન | ૩ | **S.BN.MF.SE.RW.C** | **OA.OL.OAL.BL.HH** |
| ૧૧ | અંગ્રેજી ટાઈપીસ્ટ | ૩ | **S.ST.W.L.MF.SE.RW.H.C** | **OA.OL.BL.OAL.B.LV** |
| ૧૨ | ગુજરાતી ટાઈપીસ્ટ | ૩ | **S.ST.W.L.MF.SE.RW.H.C** | **OA.OL.BL.OAL.B.LV** |
| ૧૩ | ડ્રાયવર | ૩ | આ જગ્યાઓ આઉટસોર્સથી ભરવામાં આવે છે. | |
| ૧૪ | લેબોરેટરી એટેન્ડન્ટ | ૪ | આ જગ્યાઓ આઉટસોર્સથી ભરવામાં આવે છે. | |
| ૧૫ | પટાવાળા | ૪ | આ જગ્યાઓ આઉટસોર્સથી ભરવામાં આવે છે. | |
| ૧૬ | સ્વીપર | ૪ | આ જગ્યાઓ આઉટસોર્સથી ભરવામાં આવે છે. | |

ABBREVIATIONS USED: S=Sitting, BN=Bending, SE=Seeing, RW=Reading & Writing, C=Communication, MF=Manipulation by Fingers, PP=Pulling & Pushing, L=Lifting, KC=Kneeling & Croutching, ST=Standing, W=Walking, BLA=Both Legs & Arms, BA=Both Arms, OL=One Leg, BL=Both Leg, OA=One Arm, OAL= One Arm & One Leg, B=Blind, LV=Low Vision, H=Hearing, MW=Muscular Weakness
OH=Orthopedically Handicapped, CP=Cerebral Palsy, LC=Leprosy Cured, VH=Visually Handicapped, HH=Hearing Handicapped
POSTS IDENTIFIED FOR BEING HELD BY PERSONS WITH DISABILITIES (OH including CP & LC, VH AND HH) IN GROUP C

તજજ્ઞ સમિતિએ ઉપરોક્ત પત્રક-અ ની વિગતે કરેલ ભલામણો પૈકી જે સંવર્ગોમાં વિકલાંગતા બાબતે હલન-ચલનની ટેસ્ટ લઇને નિમણૂંક આપવાની થાય છે. તે ટેસ્ટ અંગે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા કોઇ ધોરણો નક્કી કરવામાં આવે તે અનુસરવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(ડી.આર.ભમ્મર)
ઉપ સચિવ,
ગૃહ વિભાગ.

પ્રતિ,

- નામદાર રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રીઓ/રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- માન.રાજ્યકક્ષા મંત્રીશ્રી(ગૃહ)ના અંગત સચિવશ્રી, ગુજરાત રાજય,ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, લાલદરવાજા,અમદાવાદ.(પત્ર દ્વારા)
- ગૃહ વિભાગના સર્વે અધિકારીશ્રીઓ અને સર્વે શાખાઓ.
- નિયામકશ્રી, ન્યાય સહાયક વિજ્ઞાનની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- નાયબ નિયામકશ્રી, ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળા, અમદાવાદ.
- નાયબ નિયામકશ્રી, પ્રાદેશિક ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળા,વડોદરા,સુરત,જુનાગઢ,રાજકોટ.
- એ.જી.ગુજરાત. રાજકોટ/અમદાવાદ.
- આઇ.ટી.સેલ ગૃહ વિભાગ, (વિભાગની વેબ સાઇટ ઉપર મુકવાની વિનંતિ સાથે)
- સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- પસંદગી ફાઇલ (શાખા/ના.સે.અ.)